BUSINESS મિત્ર

મિડકેપ-સ્મોલકેપ શેરોમાં પણ વેચવાલીનું દબાણ, રોકાણકારોએ રૂ. 3 લાખ કરોડ ગુમાવ્યા

સેન્સેક્સ 382 પોઈન્ટ તૂટ્યો, નિફ્ટી બે મહિનાની નીચલી સપાટીએ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 7: વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલની વચ્ચે અમેરિકાના જોબ્સ ડેટા બાદ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદર વધારવા અંગેની ચિંતાઓ વધી હોવાથી રોકાણકારોએ સાવચેતીનું વલણ અપનાવ્યું હતું અને તેના કારણે આજે સપ્તાહની શરૂઆત નરમાઈથી થઈ છે. એકબાજું મીડલ ઈસ્ટના તણાવ વધતો જાય છે, જેથી ક્રુડ ઓઈલના ભાવ ઉછળતા હોવાથી રોકાણકારો નિરસ જોવાયા હતા અને મંદીવાળાઓ બજારમાં હાવી થતા જવા મળ્યા છે. જેના લીધે વેચવાલી ચાલુ થઈ ગઈ છે અને નિફ્ટીએ 23800 પોઈન્ટની સપાટી તોડી નાંખતા નિફ્ટી બે મહિનાની નીચલી સપ

સેકટર વાઈઝ જોઈએ તો આજે આઈટી, મીડિયા, અને રિયલ્ટી શેરોમાં દબાણ જોવા મળ્યું હતું, જ્યારે હેલ્થકેર અને ફાર્મા શેરોમાં સુધારો જોવાયો હતો. લાર્જકેપ શેરોની પાછળ બ્રોડર માર્કેટમાં પણ વેચવાલીનું દબાણ રહ્યું હતું. જેથી રોકાણકારોની સંપત્તિમાં રૂ. 3 લાખ કરોડનો ફટકો પડ્યો છે.

બીએસઈ સેન્સેક્સ 382.62 પોઈન્ટ એટલે કે 0.5 ટકા ઘટીને 76132.81 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 76477.19 પોઈન્ટના સ્તર સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 75970 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 118.55 પોઈન્ટ એટલે કે 0.5 ટકા ઘટીને 23800 પોઈન્ટની સપાટીની નીચે સરકીને 23779.15 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23890 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23737 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 281.35 પોઈન્ટ એટલે કે 0.49 ટકા ઘટીને 57088.30 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે બેન્ક નિફ્ટી 57000 પોઈન્ટની સપાટી જાળવી રાખવામાં સફળ થઈ છે.

બીએસઈ ખાતે ઝાયડસ વેલનેસમાં 16.94 ગણા, બજાજ હોલ્ડીંગ્સમાં 15.08 ગણા, ટીવીએસ હોલ્ડીંગ્સમાં 5.61 ગણા, ઈન્ડિયન હોટલ્સમાં 5 ગણા, સીરમા એસજીએસમાં 3.57 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ઝાયડસ વેલનેસમાં 25.86 ગણા, સીરમા એસજીએસમાં 12.49 ગણા, પીવીઆર આઈનોક્સમાં 4.76 ગણા, ટેગા ઈન્ડ.માં 4.66 ગણા, વોકહાર્ટ લિ.માં 3.4 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ નિરસ વલણ જોવાયું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.59 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.03 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પણ નબળી રહી હતી. બીએસઈ ખાતે 2018 શેરો વધ્યા હતા, જ્યારે 2470 શેરો ઘટ્યા હતા અને 241 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી મીડિયા ઈન્ડેક્સ 2.86 ટકા ઘટ્યો હતો. જેમાં ઝી એન્ટર, પીવીઆર આઈનોક્સ, સન ટીવી નેટવર્ક, નેટવર્ક 18 મીડિયા, હેથવે કેબલ, ટીપ્સ મ્યુઝીક અને ડીબી કોર્પ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે પર્સિયન ગલ્ફમાં વધતી જતી લશ્કરી ગતિવિધિઓ અને યુરોપિયન સેન્ટ્રલ બેન્કની નીતિ બેઠકના પગલે આજે યુરોપિયન બજારો નીચા ખુલ્યા હતા. દરમ્યાન અમેરિકાના અપેક્ષા કરતા સારા જોબ્સ ડેટા આવ્યા હોવાથી વૈશ્વિક વૃદ્ધિના આશાવાદ પાછળ મોટા ભાગના એશિયન બજારો સુધર્યા હતા. જોકે, આ ડેટાના કારણે યુએસના વ્યાજદર વધવાની ભીતિ સેવાતી હોંજોવ મળી રહી છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.11 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.01 ટકા અને ડેક્સ 0.35 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.80 ટકા, તાઈવાન 1.64 ટકા, કોસ્પી 4.41 ટકા અને શાંઘાઈ 0.07 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે જકાર્તા 0.25 ટકા, હેંગસેંગ 1.01 ટકા અને સ્ટ્રેઈટસ 0.17 ટકા ઘટાડા સાતે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	-382.62	76132.81
નિફ્ટી	-118.55	23779.15
બેન્ક નિફ્ટી	-281.35	57088.30

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અપોલો હોસ્પિટલ	1.27	8760.00
લાર્સન-ટુબ્રો	0.88	3999.00
કોલ ઇન્ડિયા	0.84	418.85
ભારતી એરટેલ	0.76	1854.00
મેક્સ હેલ્થકેર	0.73	992.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસીસ	3.76	1087.50
એસબીઆઇ લાઇફ	2.42	1732.00
એચડીએફસી લાઇફ	2.42	533.20
જિયો ફાઇનાન્સીયલ	2.13	234.40
ટેક મહિન્દ્રા	2.06	1564.00

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
લાર્સન-ટુબ્રો	0.61	3990.00
ભારતી એરટેલ	0.60	1853.00
મારૂતિ સુઝુકી	0.47	12760.00
પાવરગ્રીડ	0.36	266.95
ICICI બેન્ક	0.35	1428.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસીસ	3.81	1087.00
ટેક મહિન્દ્રા	1.96	1560.80
ટાટા સ્ટીલ	1.85	185.50
બજાજ ફિનસર્વ	1.57	1940.00
અલ્ટ્રાટેક સિમેન્ટ	1.41	11188.00

રૂપિયામાં વધારો ટક્યો નહીં, અંતે સપાટ રહ્યો

કરન્સી બજારમાં આજે ડોલરની સામે રૂપિયો વધીને 94.36 સુધી પહોંચ્યા બાદ વેચવાલી હાવી થતાં ડોલર પરત ફર્યો હતો. અંતે ડોલર સામે રૂપિયો નજીવો સુધરીને સપાટ બંધ રહ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો એક પૈસા સુધરીને 94.49ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.50ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.86, પાઉન્ડ 127.67, કેનેડિયન ડોલર 68.46, ઓસ્ટ્રેલિયન ડલોર 68.02, જાપાનીઝ યેન 0.6108 અને સીંગાપોર ડોલર 74.39ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	94.49 રૂ.
યુરો	109.80 રૂ.
પાઉન્ડ	127.67 રૂ.
યેન	0.6109 રૂ.

ઓગસ્ટમાં ભારતની સોનાની આયાતમાં 30 ટકા જેટલો ઘટાડો

કસ્ટમ ડ્યુટીમાં કરાયેલ વધારો અને વપરાશ ઘટાડવાની સરકારની અપીલની અસર જણાય છે

મુંબઈ, 7: ઓગસ્ટ 2026માં ભારતની સોનાની આયાતમાં લગભગ 30 ટકા જેટલો ઘટાડો થયો, જેનું મુખ્ય કારણ કસ્ટમ ડ્યુટીમાં 15 ટકા વધારો અને સરકાર દ્વારા વપરાશ ઘટાડવાની અપીલ હતી.

આ પરિવર્તનનો હેતુ રાષ્ટ્રીય વેપાર ખાધ ઘટાડવાનો છે, પરંતુ રોકાણકારો સંભવિત જોખમોને બારીકાઈથી ચકાસી રહ્યા છે જેમાં, ગ્રે માર્કેટમાં વધારો અને સંગઠિત જ્વેલરી રિટેલર્સ માટે માર્જિન દબાણનો સમાવેશ થાય છે.

તાજેતરના મહિનાઓમાં ભારતમાં સોનાની આયાતમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. પ્રાપ્ત ડેટા પ્રમાણે ઓગસ્ટ 2026માં ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં લગભગ 30 ઘટાડો દર્શાવે છે.

મે મહિનામાં શરૂ થયેલી આ સુસ્તીનો ટ્રેન્ડ, સોના અને ચાંદી પર કસ્ટમ ડ્યુટી 6 ટકાથી વધારીને 15 ટકા કરવાના સરકારના નિર્ણય બાદ આવ્યો છે.

આ નાણાકીય પગલાની સાથે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરમાં નાગરિકોને દેશની ચાલુ ખાતાની ખાધ અને વિદેશી વિનિમય અનામતને સ્થિર કરવામાં મદદ કરવા માટે તેમની સોનાની ખરીદીને માર્યાદિત કરવા અપીલ કરી છે તેની પણ અસર દેખાઈ છે. સરકારની વ્યૂહરચના બે બાજુ ધ્યાન આપે છે એક તો વેપાર સંતુલનને સુરક્ષિત રાખવા માટે બિન-આવશ્યક આયાતોને પ્રોત્સાહન ના આપવું અને ઘરોમાં રહેલા ખાનગી સોનાના વિશાળ જથ્થાને ઔપચારિક અર્થતંત્રમાં એકીકૃત કરવું. સત્તાવાર અંદાજો સૂચવે છે કે ભારતીય ઘરોમાં 30,000 ટનથી વધુ નિષ્ક્રિય સોનું પડેલું છે. આનો લાભ લેવા માટે, અધિકારીઓ સ્થાનિક ઝવેરીઓને સામેલ કરીને ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમને ફરીથી બનાવવા પર કામ કરી રહ્યા છે જેથી ઘરોમાં તેમની નિષ્ક્રિય સંપત્તિ અર્થતંત્રમાં લાવવા માટે પ્રોત્સાહિત કરી શકાય અને તેમને ઉત્પાદક મૂડીમાં ફેરવી શકાય.

ઓગસ્ટમાં વાહનોના છૂટક વેચાણમાં 17.5% ટકાનો વધારો

પેટ્રોલ ચાલિત કરતા વૈકલ્પિક ઈંધણ ચાલિત વાહનોનું વેચાણ પ્રથમ વાર વધી ગયું

પેસેન્જર વાહનોના વેચાણમાં 16.1 ટકા અને કોમર્શિયલ વાહનોના વેચાણમાં 14.4 ટકાનો વધારો, ટુ-વ્હીલરનું વેચાણ 20 ટકા વધ્યું

મુંબઈ, તા. 7: પેસેન્જર વાહનોમાં સીએનજી, ઈલેક્ટ્રિક અને હાઈબ્રિડ જેવા વૈકલ્પિક ઈંધણ વાપરતી ગાડીઓનું વેચાણ પ્રથમવાર પેટ્રોલ વેરિઅન્ટ્સ કરતા આગળ નીકળી ગયું છે. ગણેશ ચતુર્થી, ઓણમ પ્રસંગે અને આવી રહેલી નવરાત્રિ તેમજ દિવાળી પર વ્હીકલ ખરીદી માટેની બુકિંગ અત્યારથી જ વધી રહી હોવાનું ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન(FADA)એ સોમવારે જણાવ્યું હતું.

FADAના પ્રમુખ સાઈ ગિરધરે જણાવ્યું હતું કે, ઓગસ્ટ મહિના દરમિયાન પેસેન્જર વ્હીકલ વેચાણ વાર્ષિક ધોરણે 16.1 ટકા વધીને 4,02,398 યુનિટ થયું છે, જે ઓગસ્ટ 2025માં 3,46,468 યુનિટ હતું. ટુ-વ્હીલર વેચાણ આ વર્ષે ઓગસ્ટમાં વાર્ષિક ધોરણે લગભગ 20 ટકા વધીને 17,14,610 યુનિટ થયું છે, જે ગયા વર્ષના આ જ મહિનામાં 14,32,537 યુનિટ હતું. ઓગસ્ટ 2025માં 1,12,553 યુનિટની સરખામણીમાં થ્રી-વ્હીલર વેચાણ વાર્ષિક ધોરણે લગભગ 9 ટકા વધીને 1,22,281 યુનિટ થયું છે.

કોમર્શિયલ વ્હીકલ વેચાણ પણ ગયા વર્ષના સમાન મહિનામાં 79,306 યુનિટની સરખામણીમાં 14.4 ટકા વધીને 90,769 યુનિટ થયું છે. કુલ એકંદરે, ઓગસ્ટ 2025ની સરખામણીમાં ઓગસ્ટમાં તમામ શ્રેણીઓનું કુલ કુલ વેચાણ વાર્ષિક ધોરણે 17.5 ટકા વધીને 20,62,038 યુનિટ થયું છે.

જો કે, ભારતના ઈતિહાસમાં પહેલીવાર, વૈકલ્પિક ઈંધણ - CNG, હાઈબ્રિડ અને ઈલેક્ટ્રિક સંયુક્ત રીતે PV બજારમાં પેટ્રોલને પાછળ છોડી ગયા, પેટ્રોલના 40.85 ટકા સામે 41.95 ટકા વધારો આ વાહનોના વેચાણમાં થયો છે. એક વર્ષ પહેલાં પેટ્રોલ આ સ્પર્ધામાં લગભગ અગિયાર પર્સેન્ટ પોઈન્ટ આગળ હતું, તે લીડ હવે બદલાઈ છે.

લોકો વધુને વધુ પેટ્રોલ સિવાયના ઈંધણ તરફ વળી રહ્યા છે. ટુ-વ્હીલર્સમાં તહેવારોના કારણે તેમજ અને વૈકલ્પિક ઈંધણ તરફના પરિવર્તનથી માંગમાં વૃદ્ધિ દેખાઈ છે. પેસેન્જર વાહનોમાં સપ્ટેમ્બરમાં નવા મોડેલો લોન્ચ થઈ રહ્યા છે એમ તેમણે ઉમેર્યું હતું.

ઘરોમાં રહેલા 28,000 ટન સોનામાંથી માત્ર 8% જ ગિરવે

ભારતનું ગોલ્ડ લોન માર્કેટ 18.6 લાખ કરોડ રૂપિયા પર પહોંચ્યું

પર્સનલ લોનને પાછળ છોડી ગોલ્ડ લોન બની બીજી સૌથી મોટી રિટેલ કેટેગરી; FY28 સુધીમાં રૂ. 30 લાખ કરોડનું કદ વટાવવાનો અંદાજ

નવી દિલ્હી, તા. 7: ભારતમાં ગોલ્ડ લોનનો ક્રેઝ વધતો જોવા મળી રહ્યો છે. જેને બેન્કમાંથી અન્ય લોન ઉપલબ્ધ થતી નથી, ત્યારે તેઓ ગોલ્ડ ગિરવે મુકીને લોન મેળવીને પોતાની જરૂરિયાતોને પુરી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. લગ્ન, વ્યવસાય, શિક્ષણ અથવા અચાનક આર્થિક જરૂરિયાતના સમયે ઘણા લોકો સોનાને વેચવાના બદલે ગિરવે મુકીને લોન લેવાનું પસંદ કરે છ. જેના કારણે આ વ્યવસાયમાં ઝડપી ઉછાળો જોવા મળી રહ્યો છે.

મોતીલાલ ઓસવાલના એક અહેવાલ અનુસાર માર્ચ 2026 સુધીમાં દેશનું ગોલ્ડ લોન માર્કેટ આશરે રૂ. 18.6 લાખ કરોડ સુધી પહોંચી ગયું છે. પાંચ વર્ષ પહેલા જે રૂ. 4.6 લાખ કરોડનું હતું, જે આ સમયગાળા દરમ્યાન આશરે ચાર ગણું વધી ગયું છે. ગોલ્ડ લોનની વધતી જતી લોકપ્રિયતાનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે હવે તેનું કદ પર્સનલ લોન કરતા વધુ થઈ ગયું છે. માર્ચ 2026 સુધીમાં, તે રિટેલ ધિરાણમાં બીજો સૌથી મોટો એસેટ કલાસ બની ગયો છે.

જેનું મુખ્ય કારણ જે લોકો સોનુ ધરાવે છે તેમના બદલામાં લોન લેવી ઘણી વાર પ્રમાણમાં સરળ હોય છે. ખાસ કરીને જેમને તાત્કાલિક પૈસાની જરૂર હોય છે અને અન્ય પ્રકારની લોન માટે લાંબી પ્રક્રિયા ટાળવા માગે છે.

જોકે, દેશમાં મોટી માત્રામાં સોનુ લોકો ઘરોમાં રાખે છે. એક અંદાજ મુજબ ભારતીય ઘરોમાં આશરે 28000 ટન સોનુ છે. જોકે, આ સોનાનામાત્ર આઠ ટકા જ સંગઠિત ગોલ્ડ લોન ચેનલ દ્વારા ગિરવે મુકાય છે, આમ, હજુય મોટો ભાગ ગોલ્ડ લોન માર્કેટથી બહાર છે. જેના લીધે હજુય આ સેકટરમાં ઘણી સંભાવના જોવા મળી રહી છે.

ગોલ્ડ લોન માર્કેટમાં જાહેર ક્ષેત્રની બેન્કોની પક્કડ મજબૂત છે. માર્ચ 2026 સુધીમાં જાહેર ક્ષેત્રની બેન્કો આ બજારમાં લગભગ 60 ટકા હિસ્સો ધરાવે છે. જો કે, ગોલ્ડ લોન નિષ્ણાંતો એનબીએફસી કંપનીઓ પણ ઝડપથી સ્પર્ધા કરી રહી છે. આ કંપનીઓ ઝડપી પ્રોસેસીંગ, શોર્ટ લોન એપ્રુવલ અને ગ્રાહકો માટે સરળ પ્રક્રિયા દ્વારા બજારમાં પોતાનું સ્થાન મજબૂત કરવાનો પ્રયાસ કરી રહી છે. આગામી સમયમાં બેન્કો અને એનબીએફસી વચ્ચેની આ સ્પર્ધા ગોલ્ડ લોન માર્કેટનું ચિત્ર બદલી શકે છે. વિશ્લેષકોના અંદાજ પ્રમાણે નાણાકીય વર્ષ 2028 સુધીમાં ગોલ્ડ લોન સેકટર લગભગ 28 ટકાના વાર્ષિક દરે વૃદ્ધિ પામશે. જો આ ગતિ ચાલુ રહેશે તો 2028 સુધીમાં બજારનું કદ 30 લાખ કરોડ રૂપિયાને વટાવી દેશે.

એપલ ફોલ્ડેબલ આઈફોન લાવશે, સેમસંગને ટક્કર આપશે

20મી સપ્ટેમ્બરે ભારતમાં લોન્ચ કરશે

નવી દિલ્હી, તા. 7: એપલ ટુંકસમયમાં તેનો નવ ફોલ્ડેબલ આઈફોન લોન્ચ કરી શકે છે. કંપની આગામી 20મી સપ્ટેમ્બરના રોજ લોન્ચ કરે તેવી સંભાવના છે. જોકે, એપલની ઈવેન્ટમાં ફોલ્ડેબલ આઈફોનના લોન્ચીંગની સત્તાવાર પુષ્ટિ નથી, રિપોર્ટસ અને લીક્સમાં કંપનીના પ્રથમ ફોલ્ડેબલ ફોન વિશે ઘણી ચર્ચા છે. તેને આઈફન અલ્ટ્રા નામ આપવાની ચર્ચા ચાલી રહી છે. એપલ એવા સમયે ફોલ્ડેબલ માર્કેટમાં પગ મૂકવાની તૈયારી કરી રહ્યું છે જ્યારે સામાન્ય સ્માર્ટફોનનું વેચાણ દબાણમાં છે. આઈડીસીના નવીનતમ અંદાજ મુજબ, વિશ્વભરમાં સ્માર્ટફોન શિપમેન્ટ 16.7 ટકા ઘટીને 2026માં લગભગ એક અબજ યુનિટ થઈ શકે છે. જો આવું થાય છે, તો તે સ્માર્ટફોન ઉદ્યોગનો અત્યાર સુધીનો સૌથી મોટો વાર્ષિક ઘટાડો હશે. હવે ફોલ્ડેબલ ફોનની વાર્તા અહીં થોડી અલગ છે. આઈડીસી અનુસાર, વિશ્વભરમાં ફોલ્ડેબલ સ્માર્ટફોનનું શિપમેન્ટ 2026માં 12.6 ટકા વધીને 22.9 મિલિયન યુનિટ થઈ શકે છે. તે 2027માં લગભગ 18 ટકા વધવાનો અંદાજ છે.

ફોલ્ડેબલ ફોન્સ હજી પણ કુલ સ્માર્ટફોન બજારનો એક નાનો ભાગ છે, પરંતુ એપલની એન્ટ્રી તેને વેગ આપી શકે છે. આઈડીસીના વાઈસ પ્રેસિડેન્ટ ફ્રાન્સિસ્કો ગેરોનિમોના જણાવ્યા અનુસાર, એપલ આગામી વર્ષ સુધીમાં વિશ્વના ફોલ્ડેબલ માર્કેટમાં 30% થી વધુ હિસ્સો મેળવી શકે છે. તેમનો અંદાજ છે કે કંપની આ વર્ષે 30 લાખથી વધુ ફોલ્ડેબલ ફોન વેચી શકે છે અને લોન્ચિંગના પ્રથમ 12 મહિનામાં આ આંકડો લગભગ 10 મિલિયન યુનિટ સુધી પહોંચી શકે છે, એટલે કે, શરૂઆતમાં મોંઘા હોવા છતાં, એપલના મોટા ગ્રાહક આધારને કારણે આ ફોન ખૂબ જ ઝડપથી લોકો સુધી પહોંચી શકે છે. જોકે, આઈફોન ફોલ્ડેબલની કિંમત 2500 ડોલર એટલે કે 2 લાખ રૂપિયાથી વધુની રહેશે. એપલ ફોલ્ડેબલ ફોનની સામે સૌથી મોટો પડકાર સેમસંગ હશે. આ સેકટરમાં સેમસંગ આગેવાની કરી રહ્યો છે. ત્યારે એપલના આગમનથી સેમસંગ સાથે ભારે હરિફાઈ થવાની સંભાવના છે.

BRICS સમિટના કારણે GST કાઉન્સિલની બેઠક સ્થગિત

12 સપ્ટેમ્બરને બદલે હવે 7 ઓક્ટોબરે યોજાશે

નવી દિલ્હી, તા. 7: જીએસટી કાઉન્સીલની બેઠક 12 સપ્ટેમ્બરના રોજ યોજાવાની હતી, જે હવે 7 ઓક્ટોબર, 2026ના રોજ યોજાશે. બ્રિક્સ સમિટ ભારતમાં 12 અને 13 સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં યોજાવાની છે. આ કારણોસર જીએસટી કાઉન્સીલની બેઠક સ્થગતિ કરવામાં આવી છે.

આધારૂતત સુત્રોના જણાવ્યા અનુસાર જીએસટી કાઉન્સીલની આ 57મી બેઠક હશે. અધિકારીઓની પ્રથમ બેઠક 5 અને 6 ઓકટોબરે યોજાશે. નાણાપ્રધાન નિર્મલા સીતારામણ જીએસટી કાઉન્સીલની અધ્યક્ષતા કરી રહ્યા છે, તેમાં રાજ્યોના નાણામંત્રીઓ પણ સામેલ છે. ઉલ્લેખનીય છે કે, જીએસટી કાઉન્સીલની છેલ્લી બેઠક એટલે કે 56મી બેઠક 3-4 સપ્ટેમ્બર, 2025ના રોજ યોજાઈ હતી. આ બેઠકમાં જીએશટીના દર અને સ્લેબમાં મટો ફેરફાર કરવામાં આવ્યો હતો. જીએસટીની નવી વ્યવસ્થા 22 સપ્ટેમ્બર, 2025થી અમલમાં આવી છે. તેમાં મુખ્યત્વે 5 ટકા અને 18 ટકાના બે સ્લેબનો સમાવેશ થાય છે. તે જ સમયે ખુબ જ મોંઘી અને કેટલીક લક્ઝરી આઈટમ માટેનો દર 40 ટકા રાખવામાં આવ્યો હતો. આ પહેલા જીએસટીમાં 5 ટકા, 12 ટકા, 18 ટકા અને 28 ટકાના ચાર સ્લેબ હતા. _જીએસટી નોંધણી રદ કરવાની પ્રક્રિયામાં ઓટોમેશન અને અન્ય ફેરફારોની પણ ચર્ચા કરી શકાય છે. તેનો હેતુ પ્રક્રિયાને સરળ અને સમાન બનાવવાનો છે. નાના અને ઓછા જોખમવાળા વ્યવસાયો માટે એક સરળ જીએસટી રજિસ્ટ્રેશન સીસ્ટમ પહેલેથી જ લાગુ કરવામાં આવી છે.

આઈપીઓ

પ્રાસોલ કેમિકલ્સ લિમિટેડ

ઓફર માટેનો પ્રાઇઝ બેન્ડ પ્રતિ ઇક્વિટી શેર રૂ.643થી રૂ.676 નક્કી કરવામાં આવ્યો છે. 22 ઇક્વિટી શેર માટે અને ત્યારબાદ 22 ઇક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે. આ ઓફરમાં રૂ. 800.00 મિલિયન સુધીનો ફ્રેશ ઇશ્યૂ અને રૂ.4,200.00 મિલિયન સુધીની ઓફર ફોર સેલ (ઓએફએસ) સામેલ છે. 10 સપ્ટેમ્બર, 2026ના રોજ બંધ થશે.

મણિપાલ પેમેન્ટ એન્ડ આઇડેન્ટિટી સોલ્યુશન્સ

આઈપીઓ બુધવાર, 9 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે. શેર દીઠ રૂ. 322થી રૂ. 339નો પ્રાઇઝ બેન્ડ નક્કી કરવામાં આવ્યો છે. આ ઓફરમાં રૂ. 320 ક્રોડ સુધીનો ફ્રેશ ઇશ્યૂ છે. 11 સપ્ટેમ્બર, 2026ના રોજ બંધ થશે.

રેન્ટોમોજો

9 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે. પ્રાઇઝ બેન્ડ ઇક્વિટી શેર દીઠ રૂ. 384થી રૂ. 404 છે. ઓફરમાં રૂ. 150 ક્રોડ સુધીના મૂલ્યના ફ્રેશ ઇશ્યૂ અને 2,73,65,529 સુધીના ઇક્વિટી શેર્સની વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. 11 સપ્ટેમ્બર, 2026ના રોજ બંધ થશે.

એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની

9 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે. પ્રાઇઝ બેન્ડ રૂ.132થી રૂ.139 છે. શુક્રવાર, 11 સપ્ટેમ્બર, 2026ના રોજ બંધ થશે.

વોડાફોન આઈડિયાને સુપ્રીમમાંથી વધુ એક રાહત મળી

રૂ. 363 ક્રોડનો ટેક્સ કેસ જીતતા શેર 52 અઠવાડિયાની નવી ઊંચાઈએ

નવી દિલ્હી, તા. 7: ટેલીકોમ સેકટરની કંપની વોડાફોન આઈડિયાના શેરમાં આજે જબરદસ્ત ઉછાળો આવ્યો હતો અને નવી બાવન વીકની ઉંચાઈએ પહોંચી ગયો હતો. જેમાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની અપીલને ફગાવી દીધી હતી, જેમાં વોડાફોન મોબાઈલમાંથી રૂ. 363 કરોડની જીએસટી વસુલાતની માગ કરવામાં આવી હતી.

ટેક્સ વિવાદ કંપનીની ટાવર એસેટસના વેચાણ સાથે સંબંધિત હતો. કોર્ટના આ નિર્ણયથી કંપનીને રાહત મળી છે, એટલે કે કંપનીને રૂ. 363 કરોડનો જીએસટી ચુકવવો પડશે નહીં.

આ કેસમાં જીએસટી અધિકારીઓએ વોડાફોન મોબાઈલને રૂ. 363 કરોડના જીએસટી ચુકવવા માટે નોટિસ ફટકારી હતી. આ કેસ કંપનીની ટાવર એસેટસ એટીસી ટેલીકોમને વેચવા સાથે સંબંધિત હતો. આ વેચાણ 2017માં થયું હતું, તે સમયે વોડાફોન મોબાઈલ એક અલગ કંપની હતી. આ પછી 2018માં વોડાફોન મોબાઈલને આઈડિયા સાથે મર્જ કરવામાં આવી હતી. સુનાવણી દરમ્યાન સુપ્રીમ કોર્ટે સવાલ ઉઠાવ્યો હતો કે જે કંપનીનું મર્જ કરવામાં આવ્યું છે જે હવે અલગ કંપની તરીકે અસ્તિત્વમાં નથી, તેની સામે રૂ. 363 કરોડની જીએસટીની માગ કેવી રીતે કરી શકાય. આ પછી સુપ્રીમ કોર્ટે સરકારની અપીલને ફગાવી દીધી હતી.

ચાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ દીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ”	૧૪૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૮૦.૫	૫૦/૩૬ ”	૧૪૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૬૭
૩૦/૩૬ એફડી	૨૮૬	૫૦/૪૮ SD/ક્રેપ	૨૫૯	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૨
૬૨/૩૬ ક્રિમ્પ	૧૫૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૫૩	૩૦/૧૪ ક્રિમ્પ	૨૦૫.૨૫
૬૮/૩૬	૧૫૬.૫	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૬૦.૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૫૪.૫	૧૦૦ ટેક્ષ	૧૫૨	૬૮ ક્રિમ્પ	૧૫૯
૯૦/૩૬ ક્રિમ્પ	૧૫૧.૫	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૫૬
૮૪/૪૮ ક્રિમ્પ	૧૫૨.૫	૮૦/૭૨ રોટો	૧૬૦.૫	૭૫ ક્રિમ્પ	૧૫૪
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૬૭	૮૦ ક્રિમ્પ	૧૫૪
૮૦/૭૨ રોટો.	૧૫૯.૭૫	૧૬૦ ડીસ્કેટ	૧૬૭	૮૦/૭૨ રોટો	૧૬૦
૮૦/૩૬ રોટો.	૧૫૮.૭૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૪.૨૫	૮૦/૧૦૮ ”	૧૬૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૫૯

સોના-ચાંદી સુરત (ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૭૬૩૦
તેજાબી સોનું	૧૫૭૫૪૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૯૭૫૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૫૪૪૮૦
સોનાનાં બિસ્કીટ	૧૫૭૬૩૦૦
ચાંદી (૯૯૯)	૨૩૯૮૦૦
ચાંદી સિક્કા	૨૪૧૩૦૦

તેલ બજાર સુરત ૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયું તેલ	૨૯૮૦	મકાઇ તેલ	૨૬૦૦

જથ્થાબંધ ખાંડબજાર પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૮૦૦
એમ-૩૦	૫૮૦૦
એસ-૩૦	૫૭૦૦
ગુજરાત	
એમ-૩૦	૫૫૦૦
એસ-૩૦	૫૪૦૦

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહે